## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ઓક્સીજન 'ફેકટરી'ની હવે જમીન શોધાય છે !!*
*બધું જ ભસ્મીભૂત થયા પછી, કૂવા ખોદાય છે !*
*બોધાય છે પ્રજા પંડિતા દ્વારા ઉપદેશ થકી - ગાંડી ફરે*
*પ્રચારમાં, ડાહીને ભાલા ભોંકાય છે !!*

### હાઈકુ

*ખૂલ્લી ગૈ પોલ*
*પારદર્શી તંત્રની -*
*દેખાયા નગ્ન !!*

*લાગી ગ્યો ચેપ !*
*ચિમડાયું કમળ -*
*રહ્યો કાદવ !!*

*(" એને પૂછો" - જવાબદારીથી નાસભાગ)*

### ચિંતન

**સીતા હરનિ તાત જની કહહુ પિતા સન જાઈ ।**
**જૌં મૈં રામ ત કુલ સહિત કહી હી દશાનન આઈ ॥**

**ઉપરોક્ત સાખી અરણ્યકાંડમાંથી લેવામાં આવેલ છે.**

**રામના ખોળામાં જટાયુ નું મસ્તક છે અને તે મૃત્યુ પામવામાં છે ત્યારે રામ કહે છે " હે તાત !! સીતાહરણ ની વાત તમે જઈને પિતાજીને ના કહેશો. જો હું રામ છું તો દસમુખ રાવણ કુટુંબ સહિત ત્યાં જઈને સ્વય જ કહેશે. રામ સ્વર્ગ નર્કમાં વિશ્વાસ રાખે છે. તેમના પિતા દશરથ સ્વર્ગમાં છે જટાયુ પણ પરોપકારી હોવાને કારણે સ્વર્ગે જ સીધાવશે, આમ વિચારીને રામ જટાયુને આ મુજબ કહે છે. તેઓ દૂરદર્શી છે એટલે તેઓ અતૂટ આત્મવિશ્વાસના બળ પર વિચારે છે કે, રાવણ મારા દ્વારા જ માર્યો જશે પછી દશરથ સાથે સ્વર્ગમાં તેની મુલાકાત થાય ત્યારે રાવણ જ બધી વાત રાજા દશરથને કહેશે. માણસે દૂરદર્શી હોવું જોઈએ. પોતાની અંદર એ કામતા વિકસિત કરવી જોઈએ જેનાથી તે કોઈપણ ઘટનાનું પૂર્વાનુમાન લગાવી તેના લાભ અને હાનિનું મૂલ્યાંકન કરી પોતાના કાર્યનો આરંભ કરે તેને માટે તે મનને એકાગ્ર રાખે અને ઉતાવળમાં કોઈ નિર્ણય ના લે.**

### સુવિચાર

- એક તુલામાં વાલબાઈની વાળી... બીજામાં રણછોડરાય... બન્ને સમતોલ - **ચારુલતા ગાંધી**
- સવાલ : કળિયુગમાં ધ્યાનમાં રાખવા જેવી કોઈ બાબત ?
  જવાબ : ખોટો પૂજાય નહીં અને સાચો મુંજાય નહીં, આટલું ધ્યાન રાખવું - **જીવન પાર્થય**
- મુસ્લિમો રોજ વાંચે હદીસ, ખ્રિસ્તીઓ કરે ક્રોસને કિસ...
  હિન્દુઓ બોલે જય દ્વારકાધીશ, પ્રેમ વધે ને ઓછી થાય રીસ - **મૃગાંક શાહ**
- પ્રસંગો બને છે, કાર્યો થતાં હોય છે, પરિણામો આવતાં હોય છે પણ કાર્ય કરનાર કોઈ વ્યક્તિ નથી હોતી. જીવનની પ્રત્યેક ઘટના વૈશ્વિક કાનૂન મુતાબિક બને છે - **બુદ્ધ**
- સુંદર વિચારો, સુંદર વાણી અને સુંદર કાર્યો વગરનું જીવન એટલે ચંદ્રતારા વગરની રાત્રિએ ભાસતું આકાશ - **અથર્વવેદ**
- સંત ચરિત્ર અને ભગવંત ચરિત્રનો ઈતિહાસ નહીં, એમનું અધ્યાત્મ પકડવું - **મોરારિબાપુ**
- આજનું ઔષધ : અરડૂસીના પાનનાં રસ સાથે હળદર મિક્સ કરી નવશેકા પાણી સાથે સવાર - સાંજ લેવાથી સૂકી ખાંસી મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ પોતાના અજ્ઞાત વાસમાં સાતાર નદીને કિનારે એક સાધારણ ઝુંપડી બનાવી જટાધારી દાઢી વધારીને બ્રહ્મચારીના વેશમાં રહેતા હતા. આ સ્થળ ઝાંસીની નજીકમાં જ હતું. જ્યાં એમનો જિગરજાન મિત્ર રહેતો હતો. આઝાદ તે મિત્રને મળવા ઘણીવાર ઝાંસી જતા. આઝાદને પકડવા માટે અંગ્રેજ સરકારે ઈનામ પણ જાહેર કરેલું હતું. એક દિવસ મિત્રને ત્યાં મળવા આઝાદ ઝાંસી એમના ઘરે ગયા. તેમના મિત્ર ફળિયાની બહાર બેઠક પર બેસી પોલીસ વાળા આવે તેનું ધ્યાન રાખતા હતા. એ વખતે ખરેખર એક હવાલદાર અચાનક ફળિયામાં આવ્યા. મિત્રએ તરત એક ચતુરાઈપૂર્વક સ્વાગત કર્યું. હવાલદાર પંજા લડાવવાનો શોખીન હતો. તેમની આ કમજોરીનો ફાયદો ઉઠાવી તે તેમને પડકાર આપતા કહ્યું "આવો આવો સાહેબ, હું ના જાણે તમને મળવા બેચેન હતો. તમે કહો તો એક - બે પંજાની બાજી થઈ જાય." હવાલદાર પંજો લડાવવા બેઠા તે દરમિયાન આઝાદને મિત્રના ઘરવાળોએ પાછળના દરવાજેથી રવાના કરી દીધા. મિત્રએ પંજો લડાવીને હારી જતા કહ્યું "ફરમાઓ મહારાજ કેમ આવવું થયું ?"

હવાલદારે કહ્યું "તમારા ઘરની તલાસી લેવાની છે" મિત્રએ ખુશીથી તલાસી લેવડાવી પણ તે પહેલા તો આઝાદ ત્યાંથી છટકી ચૂક્યા હતા.

# પ્રલય જેવી પરિસ્થિતિમાંથી ઊગરવાનાં ફાંફાં

**તંત્રીસ્થાનેથી...**

મહારાષ્ટ્ર સરકારને નાછૂટકે પહેલી મે સુધી કડક લોકડાઉનનો અંતિમ વિકલ્પ અપનાવવો પડ્યો છે. એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવા માટે પણ આકરી આડશો પાર કરવી પડે એવાં નિયંત્રણો મુકાયાં છે. સરકારી તંત્ર ૧૫ ટકા કર્મચારીઓ થી ચાલે તો કેવું ચાલે ? પરંતુ ઉદ્ધવ ઠાકરેએ એ મર્યાદા એટલા સારું મૂકી છે કે કોરોના સંક્રમણની સાંકળ તૂટે. ગુજરાતની પરિસ્થિતિ મહારાષ્ટ્રની સરખામણીમાં ઓછી ગંભીર હોઈ શકે પરંતુ મૃત્યુ દર તો આખા દેશમાં અમદાવાદનો સૌથી વધુ નોંધાયો છે - તે પણ સરકારી આંકડાઓમાં. અર્થાત્ બીજા કોઈ પણ શહેરની તુલનામાં અમદાવાદમાં સારવાર લઈ રહેલ કોવિડ-૧૯ના દર્દીઓ વધારે પ્રમાણમાં મૃત્યુ પામે છે. આફણી હોસ્પિટલો અને પરાઈવેટ ક્લિનિકોમાં માગણી મુજબ ઓક્સીજન નો ક્વોટા નથી પહોંચાડી શકાતો. વેન્ટિલેટર, બેડ અને ઓક્સીજન વગર ઘણા દર્દીઓ રિબાઈ રિબાઈને મરી રહ્યા છે. આપણી આ દુર્દશાની હાઈકોર્ટ સુઓમોટો નોંધ લીધી છે. એણે સરકારના કાન આમળવામાં કસર નથી રાખી. સરકારની પણ કેટલીક મર્યાદાઓ છે. દાખલા તરીકે આટઆટલી વ્યવસ્થા છતાં સરકારે તમામ ડોક્ટરોને કોવિડ-૧૯ની સારવાર કરવા માટે છુટો દોર આપવો પડ્યો છે તે જ સૂચવે છે કે તંત્ર પડી ભાંગ્યું છે. ડોક્ટરો અને કેટલાંક વેપારીમંડળો ગુજરાતમાં લોકડાઉન માટેની રજૂઆત કરી ચૂકેલ છે. સરકાર અવઢવમાં છે. જ્યાં સુધી દિલ્હીથી લીલીઝંડી નહીં મળે ત્યાં સુધી એ લોકડાઉનનો આકરો નિર્ણય નહીં કરી શકે તે નક્કી છે. રેમડેસિવિર ઈન્જેક્શનોના મુદ્દે પણ ડોક્ટરો અને સરકાર સામસામાં આવી ગયાં ! પ્રાઈવેટ હોસ્પિટલો ચલાવતા ડોક્ટરોને રેમડેસિવિર ઈન્જેક્શનો પહોંચાડવા સરકાર તૈયાર છે પણ જે ઘરે બેઠાં સારાવાર લઈ રહેલ છે, એમને પણ આ ઈન્જેક્શનો ફાળવાય એવી 'આહના' તબીબી મંડળની માગણી છે. ડોક્ટરોની આ માંગણીને હાઈકોર્ટનું પણ સમર્થન મળ્યું છે. જો કે મુખ્યમંત્રીશ્રી સાથે એ મુદ્દે જરૂર સહમત થવું પડે કે હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીને પ્રાયોરિટી આપવી જ પડે. ઈન્જેક્શનોના કાળા બજાર થાય છે અને એક્સપાઈરી ડેટ વાળાં ઈન્જેક્શનો પણ મોટી કિંમતે વેચાઈ રહ્યાં છે. આ બધી અરાજકતાનો કોઈ ઉકેલ નથી તો ડોક્ટરો પાસે કે નથી સરકાર પાસે આથી છેવટે તો દર્દીઓએ રામભરોસે શક્ય તેવાં ઓસડિયાં લઈને અને ઘેર બેઠાં સારવાર મેળવીને સંતોષ માનવાનો રહે છે. હોસ્પિટલોમાં બેડ ખાલી નથી, નવી બેડ વ્યવસ્થા ઊભી થાય ચે એની સામે એથી વધારે દર્દી તૈયાર થઈ જાય છે. પરિસ્થિતિ તદ્દન કાબૂ બહાર જઈ રહી છે. એ ખરું કે એંશી ટકા દર્દી સામાન્ય સારવારથી સાજાં થઈ રહ્યાં છે. કોરોનાની રસી લેનારને ઘણી રાહત રહે છે. એને કદાચ ઈન્જેક્શન લાગે તો પણ એ મોટે ભાગે ઘાતક નથી નીવડતું. એટલે સરકાર અત્યારે વધુ ને વધુ પ્રમાણમાં રસીકરણ પ્રત્યે ધ્યાન આપી રહી છે. મૂળે આ આખી જફા નિયંત્રણમાં નહીં લઈ શકાઈ એનું કારણ સરકારી તાયફા છે. ચૂંટણીઓ બંધ રખાઈ હોત તો આજે આપણે પણ ચીનની જેમ કોરોના પર વિજય મેળવી શક્યા હોત. પરંતુ કમનસીબી એ છે કે નથી તો આપણે ચૂંટણીઓ બંધ રાખી શકતા કે નથી ધાર્મિક ઉપક્રમો પર કાબૂ રાખી શકતા. કુંભમેળા પછી સંક્રમણ હદ બહાર વધી ગયું છે એ વિશે ભાગ્યે જ કોઈ શંકા કરી શકશે. પ્રજા આસ્થા અને ઉત્સવો પાછળ ઘેલી છે. સરકારને પણ આ બેઉ વાનાં ચૂંટણી અને સત્તા સંદર્ભે ફળતાં રહ્યાં છે. પરિણામે આપણે પ્રલય જેવી પરિસ્થિતિમાં જીવવાના દિવસો આવ્યા છે.

# 'ઓખા હરણ'ના રસપ્રદ અંશો



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

ચૈત્ર મહિનામાં 'ઓખાહરણ'ના પાછનો મહિમા છે.

પ્રેમાનંદ (ઈ.૧૯૩૬ થી ઈ.૧૭૩૪) રસસિદ્ધ કવિ હતા, ભક્ત કવિ હતા, લોકપ્રિય આખ્યાનકાર હતા. એમની કુલ ૫૭ સાહિત્યિક રચનાઓ છે. એમાંનું એક 'ઓખાહરણ' છે. શ્રીમદ્ ભાગવતના દશમા સ્કંધમાં (અધ્યાય ૬૨,૬૩) અનિરુદ્ધહરણની કથા છે એને આધારે પ્રેમાનંદ આની રચના કરી છે. આમા ૯૩ કડવાં (પદ્યખંડો) છે.

એનાં કેટલાક સરપ્રદ અંશો આ પ્રમાણે છે :

(૧) ચૈત્રના મિનારકમાં બાઈ તાહરો રે મહિમાય :
ઓખા હરણ જે સાંભળે, મહારોગ થકી મૂકાય.
અલુણું ખાયે ને અવની સુવે, વળી એક ઉજ્જવળ અન્ન.
વૈશાખ સહી તૃતીયા ને દિને, તું આવજે મારી પાસ. (૧૧)

(૨) ત્રીજો ચંડાળ તેને કહીએ, દુભે માત પિતાય.
ચોથો ચંડાળ તેને કહીએ, હરે પારકું ધન.
પાંચમો ચંડાળ તેને કહીએ, જેનું મેલું મન.
આઠમો ચંડાળ તેને કહીએ, પરદારા શું મન. (૧૩)

(૩) સોરઠ દેશ સોહામણો, ન ચઢ્યો ગઢ ગિરનાર,
ન ન્હાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર.
સોરઠ સુઘડ માનવી, રોજ નિત નિત કરે વહેવાર,
એ નગર રહે માનવી, તેને ઘણા ઘણા જૂહાર. (૩૭)

(૪) પૂર્વે મેં તનો પ્રિછવ્યો, અહંકારે થયો તું અંધ.
અહંકારે લંકા ગઈ, રામે રે માર્યો દશસ્કંધ.
અહંકારે ચન્દ્રમાએ કર્યો, તેને રોહિણી શું સંજોગ.
છવ્વીસ નારી પરહરી, માટે ભોગવે ક્ષય રોગ. (૫૭)

(૫) કષ્ટ નિવારણ કૃષ્ણજી, હું થઈ તમારી વહુ.
જો આંચ આવશે તમ પુત્રને, તો લજાવાશે જાદવ સહુ,
પ્રજાના પ્રતિપાળ છો, તમે પનોતા મોરારી. (૬૧)

(૬) ત્યારે હસીનો બોલ્યા ભગવાન,
અમો લઈ આવ્યા છી જાન.
જો વિધાતાએ કીધો સંબંધ,
વર કન્યા ના છોડો બંધ.
ત્યારે બાણાસુર બોલ્યો તત્કાલ,
સંબંધ શાનો રે ગોપાળ.
એવી આપીશ પહેરામણી,
સૌને મોકલીસ જમપુરી ભણી.(૭૩)

(૭) શુકદેવ કહે છે વાત, વેવાણ આવિયાં રે.
જેના સુપડાં જેવા કાન, વેવાણ આવિયાં રે.
હળદાંડી જેવા દાંત, વેવાણ આવિયાં રે.
કાને ઊંટના ઓગનિયા, વેવાણ આવિયાં રે.
કોટરા આવી જ્યાં મોરાર, વેવાણ આવિયાં રે. (૭૬)

(૮) સાસરિયાના સાથમાં, તું ડાહી થાજે દીકરી,
સાસરિયાના સાથમાં, હળવે હળવે ચાલીયે,
સાસરિયાના સાથમાં, ખોળે ખાવું ન ઘાલિયે,
સાસરિયાના સાથમાં, કૈથસારું માલિયે,
સાસરિયાના સાથમાં, પરપુરુષ સાથે વાત કરતાં બીજુએ. (૯૦)

(૯) શુકદેવજી અમને પાવન કીધા.
સંભળાવ્યો મહિમાય જી.
આરાધું ઈષ્ટ ગુરુદેવને,
ગણપતિને લાગું પાયજી,
શ્રોતા વક્તા સહું, સાંભળો,
કહે કવિ કર જોડજી,
ભાવ ધરી સહુ બોલજો,
જય જયશ્રી રણછોડજી (૯૩)

# ભારતમાં કયું રાજય એવું છે જયા વન વિસ્તાર ખુબ ઓછો છે?



**ખજાનો**
**અનિલ પટેલ**

## વિજ્ઞાન જગત

૧ ગન મેટલ કઈ ત્રણ ધાતુની મીશ્રધાતુ છે ?
(અ) કાંસુ, ટીન, તાંબુ (બ) તાંબુ, લોખંડ, નિ[illegible]
(ક) તાંબુ, નિકલ, ટીન (ડ) કાંસુ, ટીન, નિકલ

૨ નીચેનામાંથી ક્યો વાયુ નિષ્ક્રીય છે ?
(અ) હિલીયમ (બ) ઓર્ગેન
(ક) હાઈડ્રોજન (ડ) નાઈટ્રોજન

૩ દરિયાના પાણીને નીચેનામાંથી કઈ પધ્ધતિથી પીવાલાયક બન
(અ) ક્લોરીનેશનથી (બ) ઉકાળીને
(ક) બાષ્પી ભવનથી (ડ) નિરપંદન પધ્ધતિથી

૪ ન્યૂટનનો ગુરૂત્વાકર્ષણનો નિયમ કેવો છે ?
(અ) ગ્રહોને લગતો (બ) સાર્વત્રિક
(ક) અણુને લગતો (ડ) બળને લગતો

૫ પવનચક્કી કઈ ઊર્જાથી ચાલે છે ?
(અ) સૂર્ય ઊર્જા (બ) રાસાયણિક ઊર્જા
(ક) ભૂતાપિય ઊર્જા (ડ) ગતિજ ઊર્જા

૬ વિધુત પંખામાં વિધુતઊર્જાનું શેમાં રૂપાન્તરણ થાય છે ?
(અ) ગતિ ઉર્જા (બ) પ્રકાશ ઊર્જા
(ક) ઉષ્મા ઊર્જા (ડ) યાંત્રિક ઊર્જા

૭ 'નેફોલોજી' એ શાનો અભ્યાસ છે ?
(અ) હૃદય (બ) લીવર
(ક) કીડની (ડ) મગજ

૮ આહારના ઘટકોમાં રહેલી શક્તિ ક્યા એકમમાં મપાય છે ?
(અ) જૂલ (બ) અર્ગ
(ક) કેલરી (ડ) બળ

૯ પ્રથમ મહિલા અવકાશયાત્રી કોણ હતાં ?
(અ) સુનિતા વિલીયમ (બ) વેલેન્તીના
(ક) કલ્પના ચાવલા (ડ) સંતોષ યાદવ

૧૦ શરીરને ઓક્સીજન કોણ પુરો પાડે છે ?
(અ) શ્વેતકણો (બ) રક્ત રસ
(ક) રક્તકણો (ડ) હિમોગ્લોબીન

૧૧ અવાજના તરંગો ક્યા માધ્યમમાં પ્રસરી શકતા નથી ?
(અ) કાચમાં (બ) પાણીમાં
(ક) શૂન્યાવકાશમાં (ડ) ધાતુમાં

૧૨ દરિયાની ઊંડાઈ માપવાના સાધનને શું કહેવામાં આવે છે ?
(અ) બેરોમીટર (બ) હાઈગ્રોમીટર
(ક) ફેધોમીટર (ડ) વિસ્કોમીટર

૧૩ નીચેનામાંથી ક્યુ તત્વ રેડીયો એક્ટીવ તત્વ નથી ?
(અ) રેડીયમ (બ) યુરેનીયમ
(ક) થોરીયમ (ડ) એલ્યુમીનીયમ

૧૪ નીચેનામાંથી ક્યો વાયુ દહન પોષક છે ?
(અ) ઓક્સીજન (બ) હાઈડ્રોજન
(ક) નાઈટ્રોજન (ડ) કાર્બન ડાયોક્સાઈડ

૧૫ સૂર્યમાં સૌથી વધુ ક્યો વાયુ છે ?
(અ) નાઈડ્રોજન (બ) એમોનીયા
(ક) હાઈડ્રોજન (ડ) સલ્ફર ડાયોક્સાઈડ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

૨૩ એપ્રિલ : - વર્લ્ડ બુક ડે.
વિશ્વના મહાન કિવઓમાં જેમની ગણના થાય છે તેવા બ્રિટનના પ્રકૃતિ કવિ વિલીયમ વુડવર્થનું નિધન (૧૮૫૦)
મહાન નાટ્યકાર વિલીયમ શેક્સપીયરનું નિધન (૧૬૧૬)
રશિયન પોલીટીશીયન બોરીસ યેલ્તસીન નું અવસાન (૨૦૦૭)
કર્વાન્ટમ થિયરીના પ્રણેતા જર્મન ભૌતિકશાસ્ત્રી મેક્સ પ્લાન્ટનો જન્મ દિવસ (૧૮૫૮)
૨૪ એપ્રિલ : પંચાયતી રાજ દિવસ
- ક્રિકેટર સચિન તેડુલકરનો જન્મ દિવસ (૧૯૭૩)
- અમેરીકન સિંગર, એક્ટેટસ પ્રોડ્યુસર બાર્બા સ્ટેઈસેન્ડનો જન્મદિવસ (૧૯૪૨)
- હિન્દીના પ્રખર કવિ રામધારી સિંહ દિનકરનું નિધન (૧૯૭૪)
- સ્પેઈને અમેરીકા સાથે યુધ્ધ ઘોષિત કર્યું (૧૮૯૮)

● ૨૫ એપ્રિલ : વિશ્વ મલેરીયા દિવસ
- પ્લે બેક સિંગર અરિજિતસિંહનો જન્મ દિવસ (૧૯૮૭)
- નાસા એ હબલ ટેલીસ્કોપને અવકાશમાં સ્થાપિત કર્યું (૧૯૯૦)
- નેપાલના કાઠમંડુમાં ૭.૮ સ્કેલનો ધરતીકંપ આવ્યો જેમાં હજારોના જાન ગયા (૨૦૧૫)
- રેડીયોના શોધક ગુલીલેમો માર્કોનીનો જન્મ દિવસ (૧૮૭૪)

● ૨૬ એપ્રિલ :
- ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનનું નિધન (૧૯૨૦)
- પર્યાવરણ પ્રેમી વિશ્વ પ્રસિધ્ધ ચિત્રકાર જ્હોન જેમ્સ ઓહુબનનો જન્મદિન (૧૮૫૧)
- યુક્રેનના ચર્નોબીલ ન્યૂક્લીયર પાવર પ્લાન્ટ બ્લાસ્ટ થયો (૧૯૮૬)
- અમેરીકન કોમેડીયન અને એક્ટર બીલ કોસ્બીને મહિલા જાતીય સતામણીના કેસમાં જેલની સજા થઈ (૨૦૧૮)

● ૨૭ એપ્રિલ :
- ગાંધીવાદી ડો. મણીભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૯૨૦)
- અમેરીકન સીવિલ - રાઈટસ એક્ટીવીસ્ટ કોરેટ્ટા સ્કોટ કિંગનો જન્મદિવસ (૧૯૨૭)
- બ્રિટીશ પોલીટીશીયન બેટ્ટી બુથ્રોએડ હાઉસ ઓફ કોમનની પ્રથમ મહિલા સ્પીકર બની (૧૯૯૨)
- લંડનના રેગેન્ટસ પાર્કમાં 'લંડન ઝૂ' શરૂ થયું (૧૮૨૮)
- ટેલીગ્રાફીના શોધક સેમ્યુઅલ મોર્સનો જન્મ દિવસ (૧૭૯૧)

● ૨૮ એપ્રિલ :
- ઈટલીયન સરમુખત્યાર બેનિટો મુસોલીનની હત્યા (૧૯૪૫)
- ઈરાકના તાનાશાહ સદામ હુસનનો જન્મ દિવસ (૧૯૩૭)
- અમેરીકન બીઝનેશ મેન ડેનીશ ટીટો પ્રથમ સ્પેશ ટુરીસ્ટ બન્યા (૨૦૦૧)
- અર્થશાસ્ત્રી અને તેજસ્વી પત્રકાર એવા ગગન વિહારી મહેતાનું નિધન (૧૯૭૪)

● ૨૯ એપ્રિલ : વિશ્વ નૃત્ય દિવસ
- પ્રિન્સ વિલિયમ ઓફ વેલ્થ કેથેરીન મિડલટોન સાથે લગ્ન થયાં (૨૦૧૧)
- એમ્પીરીયર ઓફ જાપાન તરીકે જાણાતા હિરોહિટ્ટોનો જન્મ દિવસ (૧૯૦૧)
- મહાન ચિત્રકાર રાજા રવિ વર્માનું નિધન (૧૮૪૮)
- કાપડ ઉદ્યોગના સ્થાપક શ્રી રણછોડલાલનો જન્મ દિવસ (૧૮૨૩)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં રશિયાની કઈ કોવીડ વેક્સીનને ભારતમાં મંજૂરી આપવામાં આવી છે ?

જવાબ : 'સ્પુટનીક- વી'

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) પંકજ આર. પટેલ : કુડાસણ (૩) ઋવિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) મૂળજીભાઈ પરમાર : 'દધિ' સે-૬ (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) મહેશ જાદવ : રાયસણ (૮) ભોગીલાલ કે. પટેલ : સે-૩ સી (૯) મીત પી. પટેલ : સે-૨૭

**આ સપ્તાહનો સવાલ**

હરિયાણા સરકારમાં આરોગ્ય મંત્રી કોણ છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# આદર્શ વિરૂદ્ધ વાસ્તવિકતા
## ઉત્સાહ ગુમાવે તે સૌથી મોટો દેવાળિયો



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

જેના નામમાં જ 'રોના' આવતું હોય એ 'કોરોના' આપણને રડાવે-ડરાવે નહીં તો જ નવાઈ ! 'કોઈ દેશ, કોઈ પ્રદેશ, કોઈ માણસ મારી અસરથી 'કોરો' ન રહી જાય' એવા ખુન્નસ સાથે હાલ પોતાનું ભયાનક રૂપ બતાવી રહેલાં 'કોરોના'ને 'રોકો...કોઈ રોકો'ની આપણી બુમરાણ, આજીજી, પ્રાર્થનાનો હજી ક્યાંયથી પ્રતિઘોષ સાંપડતો નથી !!

ગયા વર્ષે આપણે સૌએ સાથે મળીને કોરોનાને હરાવ્યો-હંફાવ્યો હતો એટલે જાણે ગુસ્સે થઈને બીજી લહેરમાં એ એની હારનો બદલો લેવા ભૂરાયા બનેલા આખલાની જેમ કે એકવાર પછડાટ ખાઈને અપમાનિત થયેલ પહેલવાન જે જોરથી સામેવાળા ઉપર ધસી જાય એ રીતે અથવા તો ભર તાપમાં ડ્યુટી કરીને ત્રાસેલ પોલીસમેન કોઈની ઉપર તુટી પડે એ રીતે કોરોના આક્રમક બનીને ત્રાટક્યો છે એમ કહેવું જરાય ખોટું નથી... જે ઝપટે ચઢ્યો એને સકંજામાં લઈ લે છે.. (હાલ આઈ.પી.એલ. સીઝન ચાલે છે એટલે ક્રિકેટની ભાષામાં કહેવું હોય તો કોરોના એની બીજી ઈનિંગમાં ધૂંઆધાર બેટિંગ કરી સૌના છક્કા છોડાવી રહ્યો છે... પણ ના, અત્યારે લોકોના જીવ પડીકે બંધાયા છે ત્યારે આવી સરખામણી જરાય શોભે નહીં એ સમજીએ છીએ... સૉરી !!)

પ્રવર્તમાન ભય, ગ્લાનિ, શોકમય વાતાવરણમાં 'હળવે હૈયે' માં શું હળવું લખવું તે કઈ રીતે લખવું ? કંઈ સૂઝતું નથી.. લેખક-ચિંતક આર્નોલ્ડનું એક સરસ 'ક્વોટ' છે : "સૌથી મોટો દેવાળિયો કોણ ?... જે ઉત્સાહ ગુમાવે તે...?" એટલે અમારે ઉત્સાહ ગુમાવી, દેવાળિયાની યાદીમાં નામ નથી લખાવવું.. એ સાવ સાચી વાત છે કે આજની ભયાનક પરિસ્થિતિમાં ઉત્સાહ, હિંમત, મનની સ્વસ્થતા-પ્રસન્નતા જ આપણને ટકાવી રાખી શકશે.. 'જો ડરા વો મરા' અમથું નથી કહેવાયું.. પણ સાહેબ, 'સતત ઉત્સાહી, હંમેશા પોઝિટિવ રહેવું જોઈએ, ગમે તેવા કપરા સંજોગોમાં નિરાશ ના થવું જોઈએ..' વગેરે વગેરે વાતો ત્યાં સુધી જ સાચી લાગે છે જ્યાં સુધી પોતાની-ખુદની ઉપર ગંભીર મુશ્કેલી આવી નથી પડતી. પરિસ્થિતિ સામે ખુદ હારી જવાની નોબત આવી પડે ત્યારે ઉત્સાહ, હિંમત, પોઝિટિવિટી - બધું અકબંધ રાખવું અશક્ય નહીં તો અઘરૂ તો થઈ જ પડે... આદર્શ વિરૂદ્ધ વરવી-કડવી વાસ્તવિકતાની આ વાત છે.

દેશ-સમાજ ઉપર કોઈ પણ વિપદા આવી પડે, કુદરતી સંકટ કે આવી મહામારી આવી જાય ત્યારે લોકોના બે ચહેરા નજરે પડવા માંડે છે, એક માનવતાના મસાલચીનો ચહેરો. બીજાના દુઃખ-દર્દ, મુશ્કેલીમાં એમને મદદ કરવા તત્પર સેવાભાવી વ્યક્તિઓ... અને બીજો આવી પરિસ્થિતિનો ભોગ બનેલાની લાચારી, મજબૂરીનો 'એન્કેશ' કરી લેનારા લાલચુઓનો ચહેરો ! આવા સંજોગોમાં 'ગેરલાભ' લેનારા, "આખી દુનિયા જીતનાર સિકંદર ખાલી હાથે દુનિયા છોડી ગયેલો' કે 'જન્મ સમયે પહેરાવાતા ઝભલા અને મૃત્યુ વખતે ઓઢાડાતા કફનને ખિસ્સુ નથી હોતુ' એ વાત જાણતા નથી હોતા એવું નથી હોતું... પણ એ બધું જીવનમાં ઉતાર્યુ નથી હોતુ એટલે જ બીજાની મજબુરીનો લાભ લેતાં અચકાતા નથી... ખેર, દુનિયામાં બંને પ્રકારના માણસો રહેવાના જ. આવા લોકોને જોઈ, ક્યાંક વાંચેલુ. આ વિધાન યાદ આવે છે :

"માનવતાની હદ પૂરી થાય ત્યાંથી કાયદાની - નિયમની હદ શરૂ થાય છે. જેમ કોર્પોરેશનની હદ પૂરી થાય ત્યાંથી પી.ડબલ્યુ.ડી.ની હદ શરૂ થાય છે."

"એની માને બજરનું બંધાણ.." એવું એક ગુજરાતી ફિલ્મનું ગીત હતું.. બજરના બંધાણી એ માડીની વાત છોડો.. હમણાં દિલ્હીમાં લોકડાઉન જાહેર કર્યુ તો દારૂના બંધાણીઓએ સ્ટોક ભેગો કરી લેવા વાઈન શોપ્સ ઉપર લગાવેલી લાઈનો જોઈને અને પાન-મસાલાના બંધાણીઓએ તમાકુ-સોપારીનો સ્ટોક ઘર ભેગો કરવા કરેલા ધસારાને જોઈને કયું ગીત ગાવું ?

હમણાં રેડ અંકલે કહ્યું : "હવે લાગે છે કે કેન્દ્ર અને ભાજપી રાજ્ય સરકારો કોરોના સામે બરોબર બાંયો ચઢાવીને જંગે ચઢશે.."

"કેમ ?"

"કેમ કે હવે વડાપ્રધાને એમના રાષ્ટ્રજોગ પ્રવચનમાં સ્પષ્ટ કર્યું કે કોરોનાની બીજી લહેર તોફાની બનીને સામે આવી છે એટલે."

"શું તમેય અંકલ.."

અમારૂ સાંભળ્યા વિના જ અંકલે કહ્યું : "એ ભાઈ, પીએમ સાહેબે કહ્યું છે કે ઘરમાં જ એવો માહૌલ બનાવો કે બહાર નીકળવું જ ના પડે... તે શું ઘરમાં શાકભાજી ઉગાડવાનાં, દૂધ માટે ઘેર ગાય-ભેંસ બાંધવી !"

"અંકલ... અંકલ... તમે સાહેબના શબ્દોને નહીં, એના ભાવાર્થને પકડો..." અમે રેડ અંકલને અટકાવતાં કહ્યું..

"મનુભાઈ, તમે કહો છો તો ભાવાર્થ પકડીએ... બાકી, રાજકારણીઓ અને નેતાઓ કોઈ બાજુથી, કોઈ રીતે પકડાય એવા હોય છે ખરા ?"

" હેં ? હા !" અમારાથી બોલાઈ ગયું.